**કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.$^{+}$ પરીક્ષા અંગે.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ.૩-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૯-૧-૨૦૧૨

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦-૯-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૬૫૧૯-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૩) ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેઇનીંગનો તા. ૧૪-૧૧-૨૦૧૧ નો પત્ર ક્રમાંક : જીસીવીટી-સીસીસી-પરીક્ષા-૨૦૧૧-૧૦૬૯૪.

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨-૧-૨૦૧૨ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ.૧-ક

**ઠરાવ ::-**

વંચાણે લીધેલા ક્રમાંક-(૧)પરના તા. ૩૦-૯-૨૦૦૬ ના જાહેરનામાથી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ પ્રસિધ્ધ કરાયેલ છે. સદરહુ નિયમો અન્વયે સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.$^{+}$ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉકત નિયમોના નિયમ-૯(૨) હેઠળ પરીક્ષા પાસ કરવાની મુદત સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના હુકમોથી વધારવામાં આવેલ, જે છેલ્લે તા. ૩૦-૬-૨૦૧૨ સુધી લંબાવવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૯-૨૦૦૬ ના ઠરાવથી કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.$^{+}$ તાલીમ અને પરીક્ષાની કામગીરી માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ (સ્પીપા), ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગર (GCVT) હસ્તકનાં આઇ.ટી.આઇ. કેન્દ્રોને માન્ય ગણવામાં આવેલ હતા. ત્યારબાદ સમયાંતરે કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.$^{+}$ પરીક્ષા-તાલીમનો વ્યાપ વધારવા અંગેના હુકમો કરવામાં આવેલ હતા, જે અન્વયે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકના કેન્દ્રોને તથા ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડ હેઠળના કેન્દ્રોને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.$^{+}$ ના તાલીમ અને પરીક્ષા કેન્દ્રો તરીકે માન્ય ગણવામાં આવેલ હતા.

(૨) ઉપર જણાવેલ વિગતે સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષા ઉપર વંચાણે લીધા ક્રમાંક-(૪) મુજબ ત્રણ માસમાં પાસ કરવાની શરતે બઢતી આપવામાં આવી હોય / ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવ્યું હોય તેવા કર્મચારીઓ / અધિકારીઓ સમયસર પરીક્ષા પાસ કરી શકે અને વહીવટી પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે થઇને પરીક્ષા સંસ્થા દ્વારા સમયસર અને નિયમિત પરીક્ષા લેવાય તે જરૂરી છે. ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગર (GCVT) હસ્તકનાં આઇ.ટી.આઇ. કેન્દ્રો દ્વારા કેટલાક સમયથી વહીવટી કારણોસર પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ ન હતું. આથી આ પ્રશ્નને હલ કરવા તેની હસ્તક કેટલાક વધારાના કેન્દ્રોને પરીક્ષા સંસ્થા તરીકેની માન્યતા આપવાની બાબત સરકારમાં વિચારણા હેઠળ હતી. કાળજીભરી વિચારણાને અંતે ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી હસ્તકનાં આ સાથેનાં પત્રકમાં દર્શાવેલ કુલ ૨૫ કેન્દ્રોને ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાંધીનગર (GCVT) હસ્તકનાં કેન્દ્રો તરીકે કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. ની પરીક્ષા સંસ્થા તરીકે માન્ય ગણવાનું સરકારે ઠરાવેલ છે.

(3) કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની C.C.C./C.C.C.+ પરીક્ષા સંદર્ભે અગાઉ સામાન્ય વહીવટ વિભાગના તા. 30-૯-૨૦૦૬ ના ઠરાવથી નિયત કરાયેલ ફીનું ધોરણ લાગુ પડશે તથા ત્યારબાદના સરકારશ્રીના આ સંદર્ભે થયેલ વખતોવખતના હુકમોથી પ્રસિધ્ધ કરાયેલ અન્ય સૂચનાઓ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. એમ. જોશી)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે ખાતાના વડાઓ **(ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)**
રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
સિલેકટ ફાઇલ.

પત્રક

(સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૯-૧-૨૦૧૨ ના ઠ. ક. : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ.૩-ક નુ બિડાણ)

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટી હેઠળના કોમ્પ્યુટરના પરીક્ષા કેન્દ્રોની યાદી

| ક્રમ | સંસ્થાનું નામ - સ્થળ |
| --- | --- |
| ૧. | આત્મિય ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, "યોગીધામ ગુરૂકુલ" કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. |
| ૨. | બી.એચ.ગાર્ડી કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, ગ્લોરીયસ પાર્કની નજીક, મું. આનંદપર, કાલાવાડ હાઇવે, રાજકોટ. |
| ૩. | બાબરીયા ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, વડોદરા - મુંબઇ નેશનલ હાઇવે નં. ૮, વર્ણામા, વડોદરા, ૩૯૧૨૪૦. |
| ૪. | સી.કે.શાહ વિજાપુરવાલા ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, વડોદરા. |
| ૫. | ચરોતર ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, મું. ચાંગા-૩૮૮૪૨૧, તા. પેટલાદ, જિ. આણંદ. |
| ૬. | જી.એચ. પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, વલ્લભવિદ્યાનગર. |
| ૭. | સરકારી એન્જીનીયરીંગ કોલેજ, બી.પી.ટી.આઇ. કેમ્પસ, ભાવનગર. |
| ૮. | ઇન્ડસ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી અને એન્જીનીયરીંગ, રાંચરડા, વાયા થલતેજ, અમદાવાદ-૩૮૨૧૧૫. |
| ૯. | ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, નિરમા યુનિવર્સીટી, અમદાવાદ. |
| ૧૦. | એલ.સી.આઇ.ટી., મહેસાણા-ઉંઝા હાઇવે, મું.પો. ભાંડુ, જિ. મહેસાણા-૩૮૪૧૨૦. |
| ૧૧. | એલ.જે. ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, નાગદેવ મંદિર નજીક, સાણંદ-સરખેજ સર્કલ, એસ.જી. હાઇવે, અમદાવાદ-૩૮૨૨૧૦. |
| ૧૨. | એલ.ડી.આર.પી. ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ઔદ્યોગિક તાલીમ સંસ્થાની નજીક, સેકટર-૧૫, ગાંધીનગર. |
| ૧૩. | મારવાડી એજયુકેશન ફાઉન્ડેશન ગ્રુપ ઓફ ઇન્સ્ટીટયુશન્સ, મું.પો. ગૌરીદાડ, રાજકોટ-મોરબી હાઇવે, રાજકોટ-૩૬૦૦૦૩. |
| ૧૪. | એમ.એસ.સી.(આઇટી) વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત. |
| ૧૫. | નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.સી.એ. કોલેજ, વિસનગર. |
| ૧૬. | પારુલ ઇન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, પોલીમડા, તા. વાઘોડીયા, વડોદરા-૩૯૧૭૬૦. |
| ૧૭. | આર.કે. કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, ભાવનગર હાઇવે, કસ્તુરબા ધામ, રાજકોટ-૩૬૦૦૨૦. |
| ૧૮. | એસ.વી. ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, સર્વ વિદ્યાલય કેમ્પસ, રેલ્વે સ્ટેશનની પાછળ, કડી-૩૮૨૭૧૫ |
| ૧૯. | સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ અને ટેકનોલોજી, ડૉ. આર. કે. દેસાઇ માર્ગ, મીશન હોસ્પિટલ સામે, અઠવા લાઇન્સ, સુરત-૩૯૫૦૦૧. |
| ૨૦. | સોમ લલિત ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ, સ્લીમ્સ કેમ્પસ, સેન્ટ ઝેવિયર્સ કોલેજ કોર્નર પાસે, યુનિવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ. |
| ૨૧. | વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત. |
| ૨૨. | વિશ્વકર્મા સરકારી એન્જીનીયરીંગ કોલેજ, વિસત પેટ્રોલપંપ નજીક, સાબરમતી, ચાંદખેડા-ગાંધીનગર હાઇવે, ચાંદખેડા, જિ. અમદાવાદ. |
| ૨૩. | કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સેકટર-૧૫, ગાંધીનગર. |
| ૨૪. | જયસુખ વાઢેર ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, બી.કે. શાહ એજયુકેશન કોમ્પલેક્ષ, ઇન્દિરા રોડ, ગોકુલનગર, ઓકટ્રોય નાકા નજીક, જામનગર-૩૬૧૦૦૪. |
| ૨૫. | ગ્રો મોર ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ, હિંમતનગર, અમદાવાદ - ઉદેપુર હાઇવે, મું. બેરણા, હિંમતનગર, સાબરકાંઠા-૩૮૩૦૦૧. |